# શહેર-જિલ્લામાં નવા ૪૨ કેસ

## વાત ગાંધીનગરની

રક્ષાબંધનનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે. રાખડી અને મિઠાઈની દુકાનો પર થોડી ઘણી હીલચાલ જોવા મળે છે, પરંતુ દર વર્ષ કરતાં પચાસ ટકાનો ઘટાડો હોય એમ વેપારીઆલમ કહે છે. એટલે કે પર્વનો પ્રારંભ ફિક્કો-ફિક્કો લાગે છે. સચિવાલયમાં પણ કોરોનાનો ભય જાણે-અજાણે પણ છતો થાય છે. હવે ત્રણ દિવસ સચિવાલય અને બેન્કોમાં રજા રહેતા ગાંધીનગરમાં મીની વેકેશન (મીની લોકડાઉન) આજથી આરંભાશે.

**ટાળો ટાળો તોય ગોટાળો**

શાળાઓમાં હજુ વિદ્યાર્થીઓને જવાની વાત તો એક બાજુ રહી પરંતુ ફી ના મામલે સરકાર, કોર્ટ, સંચાલકો અને વાલીઓ એમ ચતુષ્કોણીય વાક્યુદ્ધ ચાલે છે. વાલીઓ કહે છે શાળા ખુલે તો જ ફી આપીશુ, સંચાલકો કહે ફી તો આપવી જ પડશે, સરકાર કહે છે વાલીઓની વાત વ્યાજબી છે પણ વાલીઓ હજુ મુંઝવણમાં છે. ફી ભરવી કે નહીં..? ભરવી તો કેટલી ભરવી ?! આ પ્રશ્નો વણ ઉકલ્યા જ છે. જવાબ કોઈની પાસે સ્પષ્ટ નથી. બધુ જો અને તો ઉપર ચાલે છે. હજુ દિવાળી સુધી શાળાઓ ખુલે તેવા કોઈ એંધાણ નથી. એટલે આજે તો વાલીઓને મન 'ટાળો ટાળો તોય ગોટાળો.'

**એસ.ટી. ખાલી દોડે છે**

ગાંધીનગર-અમદાવાદ વચ્ચે શહેરી બસ સેવા છેલ્લા દસ દિવસથી ચાલુ તો થઈ છે, પરંતુ કોરોનાના વધતા જતાં સંક્રમણને કારણે એસ.ટી.માં બેસીને ગાંધીનગરથી અમદાવાદ જવાનુ કોઈ પસંદ કરતું નથી. જેના કારણે ખોટમાં ચાલતી એસ.ટી. વધુ ખોટ કરી રહી છે. 'જાણે કે પડ્યા ઉપર પાટુ' જેવો ઘાટ છે. એસ.ટી. દોડે છે પણ ખાલી દોડે છે.

**ઓનલાઈન... ઓનલાઈન... ઓનલાઈન...**

કોરોનાએ જીવનશૈલી બદલી નાખી છે તેની પ્રતિતી રક્ષાબંધન પર્વ પૂર્વે દેખાય છે. ભાઈને બાંધવાની રાખડી પણ ઓનલાઈન... મીઠાઈ અને ચોકલેટ પણ ઓનલાઈન... બહેનને આપવાની ભેટ પણ ઓનલાઈન..!! આમ ગાંધીનગરમાં બધુ જ ઓનલાઈન... ઓનલાઈન... ઓનલાઈન સંભળાય છે ત્યારે એમ લાગે છે કે હવે તહેવારોમાં બજારોમાં જોવા મળતી રોનક ભુતકાળ બની જશે.

**સચિવાલયમાં સન્નાટો**

કોરોનાએ સચિવાલયમાં સારૂ એવુ સામ્રાજ્ય પ્રસરાવ્યું છે. છેલ્લા સપ્તાહમાં એક-બે એક-બે કરતાં કરતાં ૩૦-૩૫ અધિકારી અને કર્મયોગીઓ કોરોનાથી સંક્રમિત થયા છે. કૃષિ વિભાગના એક અધિકારીનું કોરોનાથી મૃત્યુ થતાં સચિવાલયમાં સન્નાટો છવાયો છે. જુના અને નવા સચિવાલયમાં સેનેટાઈઝ કરાયુ છે. સોશિયલ ડીસ્ટન્સીંગ, માસ્ક, ટેમ્પરેચર ગન વિગેરે વિગેરે ક્ષણે ક્ષણે અમલમાં હોય છે પરંતુ ભય સાર્વત્રિક છે.

**હજુ હોટલ-રેસ્ટોરન્ટમાં કાગડા ઉડે છે**

અનલોક-૨ ને આજે ૨૩ દિવસ જેટલો સમય પસાર થયો પરંતુ હજુ સુધી હોટલ-રેસ્ટોરન્ટમાં જવામાં સ્વાદના શોખીનો ગભરાટ અનુભવે છે. ઘણી બધી હોટલ-રેસ્ટોરન્ટમાં હજુ ૧૫-૨૦ ટકા કે રવિવારે ૨૫-૩૦ ટકા જેટલો જ ધંધો થાય છે. નફાની વાત તો એક બાજુ રહી, પગાર-ભાડાના ખર્ચા નીકળતા નથી એવી ફરિયાદ વ્યાપક છે. ગાંધીનગરમાં જ છેલ્લા બે મહિનામાં ૨૫ થી ૩૦ હોટલ-રેસ્ટોરન્ટ બંધ થઈ કે માલિકો બદલાયા છે.

**'અર્ક આજનો...'**

અંધારૂ જ જ્યાં આપણું હોય ત્યાં પારકાનું અજવાળુ કામ ના આવે.

## ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૨૭ કેસ

**વધુ બે દર્દીના સારવાર દરમ્યાન મોત : મૃત્યુઆંક ૭૪ પર પહોંચ્યો : ગ્રામ્ય વિસ્તારના ૨૨૩ દર્દીઓ સારવાર હેઠળ - ગાંધીનગરમાં ૧૯, દહેગામમાં ૨ અને કલોલમાં ૬ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાના વધુ ૨૭ કેસ નોંધાયા છે. આજે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના વધુ બે દર્દીઓના સારવાર દરમ્યાન મોત થયા છે.

આ સાથે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા દર્દીઓના સારવાર દરમ્યાન મોત થયા છે તેમનો આંક વધીને ૭૪ પર પહોંચ્યો છે.

મળતી વિગતો પ્રમાણે મગોડીના એક ૮૩ વર્ષીય વૃદ્ધનું સારવાર દરમ્યાન આજે વહેલી સવારે મોત થયુ હતુ. છેલ્લા ચાર દિવસથી તેઓ સઘન સારવાર હેઠળ હતા.

આ ઉપરાંત કલોલના એક ૪૮ વર્ષીય પુરૂષનું પણ ગઈકાલે મોડી રાત્રે અને આજે વહેલી પરોઢે સારવાર દરમ્યાન મોત થયુ હતુ. જિલ્લામાં વધતો જતો મૃત્યુઆંક એ તંત્રની ચિંતામાં વધારો કર્યો છે. જિલ્લામાં વધતા જતા કેસો અને વધતા જતા મૃત્યુદરને લઈ તંત્રને આજે સર્વેલન્સ માટે પણ કડક તાકીદ કરવામાં આવી છે. જિલ્લાના અધિકારીઓને પણ ગ્રામ્ય વિસ્તારમાં સર્વેલન્સની કામગીરીમાં માર્ગદર્શન આપવા અને મદદરૂપ થવા માટે જવાની પણ સૂચનાઓ આપવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકામાં આજે ૧૯ કેસ, કલોલમાં ૬ અને દહેગામમાં બે કેસ નોંધાયા છે.

ગાંધીનગર તાલુકો કોરોના માટે વધુ હોટસ્પોટ વિસ્તાર ધરાવતો તાલુકો બની ગયો છે. આજે તાલુકાના રાંધેજા, પેથાપુર, નવા પાલજ, અડાલજ, કુડાસણ, રાયસણ, ઉનાવા, જમીયતપુરા, ખોરજ અને ઉવારસદમાંથી કેસો મળી આવ્યા છે.

તાલુકાના વેપારીમથક તરીકેની ઓળખ ધરાવતા રાંધેજા ગામમાંથી આજે ૩ કેસ મળી

● અનુસંધાન પાન-૭ પર

## શહેરમાં વધુ ૧૫ કેસ નોંધાયા

**સારવાર દરમ્યાન વધુ બે ના મોત : મૃત્યુઆંક ૧૮ થયો : સે. ૨૨ ના માતા-પુત્ર, એરફોર્સનો જવાન, મહિલા કોન્સ્ટેબલ, સચિવાલયનો ડ્રાયવર પણ સંક્રમિત થયો : સે. ૨૬ માં ૨, સે. ૨૪ માં ૩, સે. ૨૨ માં ૨, સે. ૧૩ માં ૨, સે. ૧૩ છાપરામાં ૧, પાલજ-૧, સે. ૨૫, સે. ૨૧, સે. ૧૭ માં કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૧૫ કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૪૮૭ પર પહોંચી છે.

આજે શહેરના બે દર્દીઓના મોત સારવાર દરમ્યાન થયા છે. આ સાથે કોરોનામાં મૃત્યુઆંક ૧૮ પર પહોંચ્યો છે.

સે. ૪-સી માં રહેતા અને સેકશન અધિકારી તરીકે ફરજો બજાવતા ૫૭ વર્ષીય પુરૂષ દર્દીનું આજે વહેલી સવારે અવસાન થયુ છે. તેઓ છેલ્લા છ દિવસથી ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા.

આ ઉપરાંત સે. ૧૩ ની એક ૬૦ વર્ષીય મહિલાનું પણ સારવાર દરમ્યાન મોત થયુ છે. આ મહિલા દર્દી પણ ગત ૨૫ મી જુલાઈથી સારવાર હેઠળ હતા.

શહેરમાં આજે બે દર્દીના મોતના સમાચારથી શોકની લહેર પ્રસરી જવા પામી હતી. ગાંધીનગર શહેરમાં નોંધાયેલા કેસો પૈકી છેલ્લા એક સપ્તાહથી જે રીતે મૃત્યુનો આંક વધી રહ્યો છે તેનાથી શહેરમાં લોકોની ચિંતા અને ભય વધવા પામ્યો છે.

આજે નોંધાયેલા ૧૫ કેસમાં સે. ૨૬ માં ૨, સે. ૨૪ માં ૩, સે. ૨૨ માં ૨, સે. ૧૩ માં ૨ અને સે. ૧૩ છાપરામાં એક, પાલજ, સે. ૩૦, સે. ૨૫, સે. ૨૧ અને સે. ૧૭ માં ૧ કેસ નોંધાયો છે.

આજે નોંધાયેલા કેસોમાં ૯ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આજે નોંધાયેલા કેસમાં ૫ મહિલા દર્દીઓ છે.

શહેરમાં કેસો વધવા ઉપરાંત મૃત્યુઆંક વધતાં તંત્રની ચિંતામાં વધારો થયો છે. તંત્રએ સઘન સર્વેલન્સની સૂચનાઓ આપી છે.

● અનુસંધાન પાન-૭ પર



પતંગિયા તેના મનભાવન રંગો માટે જાણીતા છે અને આ ઋતુમાં જયારે ચોમાસાના લીધે વનરાજીમાં અનેક પ્રકારની વનસ્પતિ ઉગી નીકળે છે અને વિવિધ પ્રકારના રંગબેરંગી ફુલો ખિલી ઉઠયાં હોય છે ત્યારે પતંગિયા તેનાથી આકર્ષિત થાય તે સ્વાભાવિક છે. અનેકવિધ રંગોમાં ખિલી ઉઠેલા ફુલોનો રસ પીવા ઉડાઉડ કરતા પતંગિયા જોઈને નાના બાળકોથી વડીલો સુધી સૌ કોઈના મન પ્રફુલ્લિત થઈ જાય છે.

## સચિવાલયના સેક્શન અધિકારી કોરોનાના ભોગ બનતા સન્નાટો

**કૃષિ-પશુપાલન વિભાગના સેક્શન અદિકારી જે. એસ. ડામોર ૨૫મીએ કોરોનાથી સંક્રમિત થયા હતા : સીવીલમાં સારવાર દરમિયાન શુક્રવારે સવારે મૃત્યુ પામ્યા**

ગાંધીનગર, તા.૩૧

રાજય સરકારના કૃષિ અને પશુપાલન વિભાગમાં સેકશન અધિકારી તરીકે ફરજ બજાવતા ૫૭ વર્ષીય શ્રી જે. એસ. ડામોરનું કોરોનાથી મૃત્યૃ થતાં સચિવાલયના કર્મચારીઓમાં ભારે શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

ગાંધીનગરના સેકટર-૪/સી ખાતે રહેતા અનો સચિવાલયના કૃષિ અનો પશુપાલન વિભાગની કચેરીમાં સેકશન અધિકારી તરીકે શ્રી જે.એસ.ડામોર ફરજ બજાવતા હતા. તેઓને તા.૨૫મી જુલાઈના રોજ કોરોના પોઝિટીવ આવતાં સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ રાખવામાં આવ્યા હતા. કોરોના સામેની લડાઈમાં તેઓ કોરોનાને પરાસ્ત કરી શકયા ન હતા. જેમનું આજે મૃત્યૃ થયું હતું

શ્રી ડામોરનો કોરોના પોઝિટીવ આવ્યો છે, તે વાતથી સમગ્ર નવા સચિવાલય સંકુલમાં ચર્ચાનો વિષય બન્યો હતો. આજે તેમના મૃત્યૃની સમાચારથી સમગ્ર સચિવાલયના કર્મચારીઓમાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી હતી. સચિવાલયમાં કોરોના વાયરસથી મૃત્યૃ થયું તેવી આ પ્રથમ ધટના છે.

સચિવાલય અને સરકારી કર્મચારીઓમાં કોરોના સંક્રમણના વધતા જતા કેસના પગલે કર્મયોગીમાં ભારે ફફડાટ વ્યાપ્યો હતો. નિવૃત્ત વયની નજીક પહોંચી રહેલ કર્મચારીઓ - અધિકારીઓ રજાઓ મૂકી ઘરે રહેવાનું પસંદ કરી રહ્યા છે.

## રાજ્યના નવા પોલીસ વડા તરીકે ભાટિયાની નિમણૂંક

**આશિષ ભાટિયા ૧૯૮૫ની બેંચમાંથી આઈપીએસ થયા છે. ગુનો ઉકેલવામાં તેમજ ગુનેગારો પર તેમની પકડ કાબિલે દાદ છે**

ગાંધીનગર,તા.૩૧

રાજ્યના ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજા એ આજે જાહેરાત કરતા ગુજરાત રાજ્યના પોલીસ વડા તરીકે હાલ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર તરીકે ફરજ બજાવતા આશિષ ભાટિયાની નીમણૂંક કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, કોવીડ-૧૯ના લીધે શિવાનંદ ઝાને એકસટેન્શન આપવામાં આવ્યું હતું. તેની મુદત પુરી થતા રાજ્યના પોલીસ વડા તરીકે આશિષ ભાટિયા પર મહોર મારી છે. આશિષ ભાટિયા ૧૯૮૫ની બેંચમાંથી આઈપીએસ થયા છે. ગુનો ઉકેલવામાં તેમજ ગુનેગારો પર તેમની પકડ કાબિલે દાદ છે. તેમણે સીઆઈડી ક્રાઈમ બ્રાંચ, સુરત પોલીસ કમિશ્નર તરીકે સફળ કામગીરી બજાવી છે. સીઆઈડી ક્રાઈમમાં ફરજ બજાવતા આશિષ ભાટિયાએ બીટ કોઈન કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો. આ ઉપરાંત લોભામણી સ્કીમો જાહેર કરીને લોકોને ઠગતા વ્હાઈટ કોલર ક્રિમીનલો પર ઘોંસ લાવવા જીપીઆઈડીએફ કાયદાનો ઉપયોગ કરી હતી. આ ઉપરાંત શેરબજારની ડુપ્લીકેટ ટિકીટોનો પર્દાફાશ કર્યો હતો.



**ગૃહ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જાહેરાત કરી**

## સ્કૂલો ફી નહીં ઊઘરાવી શકે તેવો પરિપત્ર હાઈકોર્ટે રદ કર્યો

**ગુજરાત સરકારના પરિપત્ર સામે હાઇકોર્ટનો નિર્દેશ : આ મામલે હાઇકોર્ટ પછીથી વિગતવાર ચુકાદો આપશે**

અમદાવાદ, તા.૩૧

અમદાવાદ : કોરોના કાળમાં વાલીઓની આર્થિક સ્થિતિ ખરાબ હોવાથી ખાનગી સ્કૂલો ફી નહીં ઉઘરાવી શકે તેવો એક પરિપત્ર રાજ્ય સરકારે વિદ્યાર્થીઓના વાલીઓના હિતમાં કર્યો હતો. આ મામલે ખાનગી સ્કૂલો હાઈકોર્ટમાં ગઈ હતી. હાઈકોર્ટે વચગાળાનો આદેશ કરતા આ પરિપત્ર રદ કરી દીધો છે. આ મામલે હાઈકોર્ટે વિગતવાર ચુકાદા બાદમાં આપશે. સંચાલકોએ હાઈકોર્ટમાં રજુઆત કરી હતી કે સ્કૂલ વાસ્તવિક રીતે શરૂ ન થાય ત્યાં સુધી ફી ન ઉઘરાવવાનો પરિપત્ર રાજ્ય સરકાર કરી શકે નહીં. ગુજરાત હાઈકોર્ટના ચુકાદા બાદ હવે ખાનગી સ્કૂલો વાલીઓ પાસેથી ફી ઉઘરાવી શકે છે. ગુજરાત હાઈકોર્ટના ચુકાદા બાદ રાજ્ય સરકાર હવે સંચાલકો સાથે વાટાઘાટો કરી શકે છે. આ ઉપરાંત આ મામલે ઉપલી કોર્ટમાં જવાનો વિકલ્પ પણ સરકાર પાસે રહેલો છે. આ મામલે પ્રતિક્રિયા આપતા સરકારે જણાવ્યું હતું તે, સરકારના ચુકાદાનો વિગતવાર અભ્યાસ કર્યા બાદ જ શું કરવું તેના વિશે કોઈ નિર્ણય લેશે. ગુજરાત સરકારે કોરોનાની સ્થિતિને ધ્યાનમાં રાખીને એવો પરિપત્ર કર્યો હતો કે વર્ષ ૨૦૨૦-૨૧માં કોઈ પણ સ્કૂલ ફીમાં વધારો કરી શકશે નહીં. આ ઉપરાંત સ્કૂલ વાસ્તવિક રીતે શરૂ ન થાય ત્યાં સુધી સ્કૂલ કોઈ પણ પ્રકારની શૈક્ષણિક ફી નહીં ઉઘરાવી શકે. ગુજરાત સરકારના અન્ય મુદ્દા હાઈકોર્ટે યથાવત રાખ્યા છે. પરિપત્રનો જે ચોથા નંબરનો ફી અંગેનો મુદ્દો હતો તે કોર્ટે રદ કર્યો છે. શૈક્ષણિક કાર્ય શરૂ રાખો.

ગુજરાત હાઈકોર્ટે આ અંગે ચુકાદો આપતા ખાનગી સ્કૂલ સંચાલકોને શૈક્ષણિક કાર્ય શરૂ રાખવાનો આદેશ કર્યો હતો. સાથે જ ફી મામલે સરકાર સાથે બેસીને કોઈ નિરાકરણ લાવવાનું કહ્યું હતું. કોર્ટે નોંધ્યું હતું કે રાજ્ય સરકાર અને સ્કૂલ સંચાલકો વચ્ચે સમન્વય જરૂરી છે. રાજ્ય સરકાર તરફથી દલીલ કરવામાં આવી હતી કે તેમણે સ્કૂલના સંચાલકો સાથે વાતચીત કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તેઓ ફી ઘટાડવા માટે તૈયાર ન હતી

### ચુકાદાને સુપ્રિમ કોર્ટમાં પડકારાશે નહિ : ચુડાસ્મા

રાજ્યના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ નિવેદન આપ્યું છે કે, આજ રોજ નામદાર હાઈકોર્ટે રાજ્ય સરકા, વાલી મંડળ અને સંચાલક મંડળને સાંભળીને વચગાળાનો આદેશ કરતા જણાવ્યું છે કેશાળઆઓ ઓનલાઈન શિક્ષણકાર્ય ચાલુ રાખે, રાજ્ય સરકારની ઓનલાઈન ભણાવવાની કામગીરીને નામદાર હાઈકોર્ટે બિરદાવી છે અને વિસ્તૃત ચૂકાદો બાકી રાખ્યો છે. હાઈકોર્ટે એમ પણ જણાવ્યું છે કે શાળામાં ઓનલાઈન શિક્ષણકાર્ય ચાલુ રહેવું જોઈએ. નામદાર હાઈકોર્ટના વિસ્તૃત ચૂકાદો આવ્યા બાદ તેનો અભ્યાસ કરીને નામદાર હાઈકોર્ટના આદેશનું સરકાર સંપૂર્ણ પાલન કરશે. હાઈકોર્ટના ચુકાદાને સુપ્રિમ કોર્ટમાં નહિ પડકારાય.

### રાજ્યમાં આગામી ૫ દિવસ ભારે વરસાદની શક્યતા

રાજ્યમાં આજથી એટલે કે ૩૧ જુલાઈથી ૪ ઓગસ્ટ સુધી રાજ્યમાં ભારે વરસાદ પડવાની શક્યતા છે. આ વચ્ચે ગત ૨૪ કલાકમાં રાજ્યના ૧૩૫ તાલુકામાં મધ્યમથી ભારે વરસાદ નોંધાયો છે. રાજ્યના ૨૬ તાલુકામાં ૧ ઈંચથી વધુ વરસાદ પડ્યો છે. હવામાન વિભાગ દ્વારા જણાવવામાં આવ્યા પ્રમાણે રાજ્યમાં ૩૧ જુલાઈથી ૪ ઓગસ્ટ સુધી ભારે વરસાદ પડી શકે છે. તેમાં પણ ખાસ કરીને સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત પંથકમાં ભારે વરસાદ પડવાની શક્યતા છે.


**વેચવાના છે**

ઈડર એસ. કે. બેન્ક સોસાયટીમાં આવેલ મકાન અને ઈડર આર્ટસ-કોમર્સ કૉલેજ સામે આવેલી દુકાન વેચવાની છે.

સંપર્ક
મો. ૯૪૨૮૪ ૮૦૨૦૧
મો. ૮૧૪૦૦ ૦૩૭૨૨


## શ્રદ્ધાંજલિ



અમારા માતૃશ્રી **જ્યોત્સનાબેન કનુભાઈ વ્યાસ** તારીખ : ૩૦/૭/૨૦૨૦, ગુરૂવારના રોજ રાત્રે ૧૨.૪૫ કલાકે અક્ષરનિવાસી પામ્યા છે. પ્રભુને ગમ્યું તે ખરું. ભગવાન તેમના આત્માને શાંતિ આપે, **હાલમાં કોરોના વાયરસની મહામારીની પરિસ્થિતિનો દયાનમાં લઈ જનતા લોકડાઉનના લીધે તમામ ક્રિયા મોકુફ રાખેલ છે.** તે સર્વે સ્નેહીજનોને નમ્ર વિનંતી છે કે, આ સમાચાર જાણી **સદ્દગતના આત્માની શાંતિ અર્થે સ્વગૃહે મૌન પાળી પ્રાર્થના કરશો.**

**સ્થળ : પ્લોટ નં. ૮૪૪, સોમેશ્વર સોસાયટી, સેક્ટર-૨૭, ગાંધીનગર - ૩૮૨૦૨૮**

| | |
|---|---|
| હરેશભાઈ રતિભાઈ પટેલ (જમાઈ) | હીનાબેન હરેશભાઈ પટેલ (પુત્રી) |
| હર્ષિસ (ગોટુ) કનુભાઈ વ્યાસ (પુત્ર) | (પૂર્વ જીલ્લા પંચાયત પ્રમુખ) |
| (મો. ૯૯૨૪૪ ૨૨૨૩૭) | (મો. ૯૮૨૪૧૭૩૨૩૭ |
| સુનીલકુમાર કનુભાઈ પટેલ (જમાઈ) | ઉર્વી સુનીલકુમાર પટેલ (પુત્રી) |


**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



www.capitaloffset.in

**કેપિટલ ઓફસેટ** ®

AN ISO 9001:2015 Certified Company

**મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ**

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com